# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

સાતમાં પગાર પંચ અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓને પગાર ધોરણ સુધારવા તથા તા.૦૧/૦૧/૨૦૧૬ની અસરથી અમલ કરવા બાબત...

## જાહેરનામું નં.૫૭૯/૨૦૧૬

આથી સંબંધ કર્તા સર્વેને જણાવવામાં આવે છે કે, તા.૦૮.૧૦.૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે મળેલ સંચાલક મંડળની છત્રીસમી બેઠકની કાર્ય નોંધના મુદ્દા નં.૩૬.૨૦થી નીચેની વિગતે જણાવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, નામ.સરકારશ્રીના નાણા વિભાગ ગાંધીનગરના તા.૧૬/૦૮/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : પગાર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ/અનુસાર હાલમાં અમલમાં રહેલ પે બેન્ડ અને ગ્રેડ પે આધારીત પગાર માળખાને સ્થાને પે મેટ્રીક્ષ મુજબ (Pay Matrix) મુજબ સુધારેલ પગાર માળખાનો અમલ કરવાનું કેન્દ્ર સરકાર ધ્વારા નકકી કરવામાં આવેલ છે. તે મુજબ રાજય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓને હાલના પગાર માળખાને અનુરૂપ રહીને નવસારી કૃષિ યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે સાતમાં પગાર પંચ પ્રમાણેના સુધારેલ પગાર ધોરણનો અમલ આ ઠરાવ સાથેની અનુસુચિ-૧ (Pay Matrix) મુજબ પગાર ધોરણો લાગુ કરવા મંજુરી આપવામાં આવે છે.

વધુમાં ઠરાવની કલમ-૬, ૮ અને ૧૧ના અનુસંધાને વખતો વખત જે સૂચનાઓ હુકમો નામ.સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવશે તે યુનિવર્સિટી બિન શૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડી અમલ તા.૦૧/૦૧/૨૦૧૬ની અસરથી કરવા **માન.કુલપતિશ્રી**ને સત્તા આપવામાં આવે છે."

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/રજી/એડીએમ-૨ શાખા/ ૧૬૭૧૨-૯૨૧ /૨૦૧૬
તા.૦૨/૧૨/૨૦૧૬

**નકલ સવિનય રવાના :-**

૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ...
૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ તેમની કચેરીના સંબંધિત કર્મચારીઓને જાણ કરવા સારૂ.

**નકલ રવાના :-**

૧) આ વિભાગની તમામ શાખાઓ
૨) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ...